શો-બાજ

દીપિકા સિંહ : આજના જમાનામાં TV એક્ટર બનવું અઘરું છે!

'દિયા ઔર બાતી હમ'ની સંધ્યા રાઠીથી 'મંગલ લક્ષ્મી' સુધીની સફર, ઓડિસી નૃત્યનો પ્રેમ અને પતિ રોહિત રાજ ગોયલ સાથેની મસ્તી... દીપિકા સિંહની લાઈફમાં ઘણાં રંગ છે. પડદા પર સંઘર્ષશીલ સ્ત્રીનાં કેરેક્ટરો ભજવનારી દીપિકા અંગત જીવનમાં માતા, પત્ની અને એક્ટર તરીકે પોતાનું આગવું બેલેન્સ જાળવી રહી છે. તો ચાલો, તેની સાથે થોડી દિલની વાતો અને થોડી મસ્તી કરીએ.

એક્ટર માટે માત્ર લોકપ્રિયતા પૂરતી નથી; એક્ટિંગમાં સચ્ચાઈ અને કેરેક્ટરને સમજવાની ક્ષમતા પણ જરૂરી છે

સફળતાના સમયે કારકિર્દીમાંથી બ્રેક લેવો એટલે પોતાની જ ગાડી પર બ્રેક મારવા જેવું નહોતું?

ક્યારેક ગાડીની સ્પીડ ઓછી કરવી પણ જરૂરી હોય છે! સતત કામ કરતાં રહીએ તો પોતાની જાત માટેનો સમય ક્યાંક ખોવાઈ જાય છે. જીવનમાં પરિવાર અને અંગત ખુશીઓ પણ એટલી જ જરૂરી છે. વિરામ લેવાથી મને નવી ઊર્જા મળી અને આગળ શું કરવું છે એ વિશે વિચારવાનો સમય મળ્યો. કારકિર્દી કોઈ રેસ નથી કે સતત દોડતા જ રહેવું પડે.

ટેલિવિઝનના લાંબા શૂટિંગમાં એનર્જી જાળવવા માટે તમારી ખાસ ટ્રિક શું છે?

કોઈ જાદુઈ ટ્રિક નથી! શિસ્ત, તૈયારી અને પોતાના શરીરની કાળજી એ જ સાચો મંત્ર છે. ક્યારેક એક જ દિવસમાં હસવાનું, રડવાનું અને ગુસ્સો કરવાનું હોય છે. એટલે કેરેક્ટરમાં ઊતરવાની સાથે પોતાની માનસિક સ્થિતિનું ધ્યાન રાખવું પણ જરૂરી છે. એક્ટર માટે કેમેરા સામેની એનર્જી જેટલી જરૂરી છે એટલી જ કેમેરા પાછળની શાંતિ પણ જરૂરી છે.

ઓડિસી નૃત્ય અને એક્ટિંગ... બંનેમાં એક્સપ્રેશનનો ખેલ છે. તો કોને જીતાડશે?

બંનેને અલગ-અલગ ટ્રોફી આપવી પડે! (હસતાં) એક્ટિંગમાં સંવાદ અને દૃશ્યો દ્વારા લાગણીઓ વ્યક્ત થાય છે, જ્યારે ઓડિસીમાં શરીરની ગતિ અને હાવભાવ ઘણું કહી જાય છે. શાસ્ત્રીય નૃત્યએ મને શિસ્ત, એકાગ્રતા અને અભિવ્યક્તિની ઊંડાઈ સમજાવી છે. નૃત્ય મારા માટે માત્ર શોખ નથી, પણ પોતાની જાત સાથે જોડાવાનું માધ્યમ છે.

દીકરા સોહમ અને શૂટિંગ વચ્ચે ટાઇમ મેનેજમેન્ટનું ગણિત કેવી રીતે બેસાડે છે?

આ ગણિતમાં ક્યારેક કેલ્ક્યુલેટર પણ કામ ન આવે! (હસતાં) ક્યારેક કામની જવાબદારી વધારે હોય, તો ક્યારેક પરિવારને સમય આપવો જરૂરી બને. મારા માટે બેલેન્સ એટલે દરેક વસ્તુને સરખો સમય આપવો નહીં, પરંતુ જે સમયે જે જવાબદારી હોય તેમાં પૂરેપૂરું હાજર રહેવું. પરિવારનો સહકાર પણ એટલો જ જરૂરી છે. દરેક જવાબદારી એકલાએ જ નિભાવવી પડે એવું નથી.

રોહિત ઘરે પણ ડિરેક્ટરની જેમ સૂચનાઓ આપે છે?

ઘરે કેમેરા, લાઈટ અને એક્શન નથી ચાલતાં! (હસતાં) કામના ક્ષેત્રમાં તેમની ભૂમિકા અલગ છે અને ઘરમાં જીવનસાથી તરીકેની અલગ. એક જ ક્ષેત્રમાં હોવાથી અમે એકબીજાની વ્યસ્તતા અને કામનું દબાણ સારી રીતે સમજી શકીએ છીએ. પરંતુ સંબંધમાં માત્ર કામની વાતો જ થતી રહે તો મજા શું? એકબીજાને સાંભળવું, સમજવું અને સાથે હસવું પણ જરૂરી છે.

પતિ સાથે રિયાલિટી શોમાં આવવું એટલે હવે ઘરની વાતો પણ પબ્લિક થઇ જાય તો?

રિયાલિટી શોનો અનુભવ ધારાવાહિકથી અલગ હોય છે. ધારાવાહિકમાં કેરેક્ટર ભજવવાનું હોય છે, જ્યારે રિયાલિટી શોમાં તમારા સ્વભાવ અને પ્રતિક્રિયાઓ પણ સામે આવે છે. જીવનસાથી સાથે આવા અનુભવમાં એકબીજાને નવા અંદાજમાં ઓળખવાની તક મળે છે. જોકે, દરેક અંગત વાત જાહેર કરવી જરૂરી નથી. મનોરંજનની સાથે પોતાની મર્યાદા જાળવવી પણ એટલી જ મહત્ત્વની છે.

રોહિત સાથે પંગો થાય તો છેલ્લે સોરી કોણ કહે છે?

આ સવાલનો જવાબ બંનેમાંથી કોઈ એક જ આપશે તો બીજાને વાંધો પડી શકે! (હસતાં) સંબંધમાં કોણ જીત્યું અને કોણ હાર્યું એના કરતાં વાતનો ઉકેલ આવે એ વધુ જરૂરી છે. નાની-મોટી નોકઝોક દરેક સંબંધમાં હોય છે. ક્યારેક એક વ્યક્તિ સમજે, તો ક્યારેક બીજી. આખરે પ્રેમ અને સમજણ જ કામ આવે છે.

આજના જમાનામાં ટીવી એક્ટર બનવું અઘરું છે?

આજે ઓડિયન્સ પાસે મનોરંજનના ઘણા વિકલ્પો છે. ટીવીની સાથે OTT અને સોશિયલ મીડિયા પણ છે. એટલે ઓડિયન્સને વારંવાર કંઈક નવું જોઈએ છે. એક્ટર માટે માત્ર લોકપ્રિયતા પૂરતી નથી; એક્ટિંગમાં સચ્ચાઈ અને કેરેક્ટરને સમજવાની ક્ષમતા પણ જરૂરી છે. ટ્રેન્ડ પાછળ દોડવા કરતાં પોતાની ઓળખ જાળવીને બદલાતા સમય સાથે આગળ વધવું વધારે મહત્ત્વનું છે.

ફિલ્મ, વેબ સિરીઝ કે થિયેટર... હવે આગળ કઈ ઇનિંગ રમવી છે?

હું કોઈ એક માધ્યમમાં બંધાઈ રહેવા નથી માગતી. ટેલિવિઝન તમને લાંબા સમય સુધી કેરેક્ટર સાથે જીવવાની તક આપે છે, ફિલ્મોમાં મર્યાદિત સમયમાં અસર ઊભી કરવાની હોય છે અને વેબ સિરીઝમાં સ્ટોરીને વિસ્તારથી રજૂ કરી શકાય છે. થિયેટરનો અનુભવ પણ અલગ છે. મારા માટે માધ્યમ કરતાં સ્ટોરી અને કેરેક્ટર વધુ મહત્ત્વનાં છે. પડકારજનક ભૂમિકા મળે તો નવી ઈનિંગ રમવામાં ચોક્કસ મજા આવશે.

સોશિયલ મીડિયા પર કોઈ તમારી ટીકા કરે તો તરત રિપ્લાય આપવાનું મન થાય?

દરેક વ્યક્તિને દરેક વસ્તુ ગમે એ શક્ય નથી. સોશિયલ મીડિયા પર લોકો પોતાનો અભિપ્રાય આપે છે. જે ટીકા મને કંઈક નવું શીખવે એમાંથી શીખવાનો પ્રયાસ કરું છું. બાકીની દરેક વાતને દિલ પર લઈએ તો કામ કરવાનું મુશ્કેલ બની જાય. મને જે કળા ગમે છે એમાં આગળ વધવું અને મારી જાત પ્રત્યે સાચા રહેવું વધારે મહત્ત્વનું છે.

સૌથી પહેલાં તો કોઈ એલાર્મ નહીં! (હસતાં) પરિવાર સાથે શાંતિથી સમય વિતાવું, સોહમ સાથે મસ્તી કરું અને મનગમતી પ્રવૃત્તિ કરું.

કાશવીની એન્ટ્રીએ બિગબોસ હાઉસમાં લગાવી આગ!

બિગ બોસ હાઉસમાં અત્યાર સુધી પ્રેમ, દોસ્તી અને ડ્રામાના અનેક એપિસોડ જોવા મળ્યા, પરંતુ 'બિગ બોસ 20'માં અત્યારે જે ચાલી રહ્યું છે એ કોઈ TV સિરિયલના ક્લાઈમેક્સથી કમ નથી! એક તરફ લવ ગિલનાં આંસુ રોકાવાનું નામ નથી લેતાં, બીજી તરફ સ્કાઉટ OPએ તેનાથી સંબંધ કાપી નાખવાનો નિર્ણય જાહેર કર્યો છે અને ત્રીજી તરફ ગર્લફ્રેન્ડ કાશવીની એન્ટ્રીએ આખા સમીકરણને હચમચાવી નાખ્યું છે. ટૂંકમાં કહીએ તો ઘરમાં લાગણીઓની એવી ખીચડી રંધાઈ રહી છે કે દર્શકો પણ વિચારે, 'ભાઈ, આ મિત્રતા છે કે ફુલ્લી લોડેડ ડ્રામા?'

લવ ગિલ એટલી ઈમોશ્નલ થઈ ગઈ કે રડતાં-રડતાં તેને શ્વાસ લેવામાં પણ તકલીફ થવા લાગી. પરિસ્થિતિને જોતાં તેને મેડિકલ રૂમમાં લઈ જવામાં આવી. જોકે, ત્યારબાદ પણ તેના મનમાં ચાલી રહેલો લાગણીઓનો ભૂકંપ શાંત થયો નહીં.

સ્કાઉટ સાથે વાત કરતાં લવે પોતાની ભડાસ કાઢી નાખી. તેનો આરોપ હતો કે તેમની નિકટતાને કારણે તેની ઈમેજ ખરાબ થઈ અને બહારની દુનિયામાં તેનું કરિયરને નુકસાન પહોંચી શકે છે.

લવે કહ્યું, "હું તો કોઈને મોં બતાવવા લાયક નથી રહી. મારા કેરેક્ટરની તેં ધજ્જિયાં ઉડાવી દીધી છે. બહાર જઈને લોકો મારા વિશે શું કહેશે? સોશિયલ મીડિયા પરથી આ બધી વસ્તુઓ ડિલીટ નહીં થાય. તેં મારી આખી કરિયર બરબાદ કરી દીધી!"

બીજી તરફ, સ્કાઉટ OP પણ હવે બેકફૂટ પર આવી ગયો છે. કાશવીની નારાજગી બાદ તેણે લવથી સંપૂર્ણપણે અંતર રાખવાની વાત કરી. તેના માટે કશવી સૌથી મહત્ત્વની છે, એવો સંદેશ તેણે આપ્યો.

પરંતુ સવાલ એ છે કે અત્યાર સુધી જે નિકટતા જોવા મળી, તેનું શું? શું સ્કાઉટ OP ખરેખર લવથી અંતર રાખી શકશે કે બિગ બોસ હાઉસની પરિસ્થિતિ ફરી બંનેને નજીક લાવશે? દર્શકો માટે હવે આ સંબંધનો આગામી વળાંક સૌથી મોટો સસ્પેન્સ બની ગયો છે.

સ્મોલ સ્ક્રીન

આ આખા મામલામાં યંગ DSAએ સ્કાઉટ સાથે ખાનગીમાં વાત કરીને તેને પોતાની ભૂલ અંગે વિચારવા કહ્યું. તેણે યાદ અપાવ્યું કે જ્યારે લવ સાથેની નિકટતા વધી રહી હતી, ત્યારે લવે જ તેને સીમાઓ જાળવવાની સલાહ આપી હતી. તો પછી એ સીમાઓ જાળવવાની જવાબદારી સ્કાઉટની પણ નહોતી?

ગર્લફ્રેન્ડની એન્ટ્રીએ લવ-સ્કાઉટની કેમિસ્ટ્રીમાં આગ! રડતાં-રડતાં લવની હાલત ખરાબ! હવે મિત્રતા બચશે કે સંબંધોનો ખેલ પૂરો થશે?

બીજી તરફ, કાશવીએ પોતાની કેટલીક ટિપ્પણીઓથી લોકોને દુઃખ પહોંચ્યું હોવાની વાત સામે આવ્યા બાદ માફી પણ માગી હતી. તેમ છતાં, આ વિવાદની અસર ઓછી થવાને બદલે વધુ ચર્ચામાં આવી છે.

હવે જોવાનું એ છે કે લવ અને સ્કાઉટની મિત્રતા ફરી પાટા પર આવશે કે પછી 'કટ-ઓફ'નો નિર્ણય અંતિમ સાબિત થશે. એક વાત તો નક્કી છે! બિગ બોસ હાઉસમાં અત્યારે ટાસ્ક કરતાં વધુ તકલીફ સંબંધો આપી રહ્યા છે! પ્રેમની પિચ પર શરૂ થયેલી આ રમત હવે ઈમેજ, ઈમોશન્સ અને ઈગોની મેચ બની ગઈ છે.

હવે આગળના એપિસોડમાં કોણ કોને સમજાવશે અને કોણ કોને અલવિદા કહેશે? બિગ બોસ હાઉસમાં હજુ ઘણો ડ્રામા બાકી છે!

દહાડ 2: સસ્પેન્સનો શિકાર કોણ બનશે?

ક્રાઈમની દુનિયામાં દરેક ચહેરો જેવો દેખાય છે એવો જ હોય એ જરૂરી નથી અને દરેક પુરાવો સત્ય સુધી પહોંચાડે જ એવું પણ નથી! આ જ સસ્પેન્સ ગેમને વધુ રોમાંચક બનાવવા સોનાક્ષી સિંહા ફરી પોલીસ અધિકારી અંજલિ ભાટીના અવતારમાં કમબેક કરવા તૈયાર છે. તેની સિરીઝ 'દહાડ 2'માં આ વખતે કેસ એવો છે કે એક કડી હાથમાં આવે ત્યાં સુધીમાં બીજો સવાલ સામે આવીને ઊભો રહી જાય! મિસ્ટ્રી, ઈન્વેસ્ટિગેશન અને ક્રાઈમના આ ખેલમાં કોણ કોને માત આપશે એ જાણવાની ઉત્સુકતા અત્યારથી જ વધી રહી છે. વર્ષ 2023માં આવેલી 'દહાડ'માં સોનાક્ષીએ અંજલિ ભાટી બનીને પોતાની એક્ટિંગનો દમ બતાવ્યો હતો. સીઝન 2માં આ દુનિયામાં ફરી પ્રવેશ કરવાનો મોકો મળશે, જ્યાં ક્રાઈમની સાથે કેરેક્ટરોની માનસિકતાનો ખેલ પણ મહત્ત્વનો બની શકે છે.

આ વખતે સ્ટોરીની શરૂઆત 12 વર્ષની બાળકી ગુમ થવાની ઘટનાથી થાય છે. શરૂઆતમાં સામાન્ય લાગતો કેસ ધીમે ધીમે ગંભીર વળાંક લે છે અને તપાસની કડીઓ સિરિયલ કિલર સુધી પહોંચે છે. અહીંથી અસલી ગેમ શરૂ થાય છે! ઓડિયન્સો પણ સ્ક્રીન સામે બેસીને પોતાની ડિટેક્ટિવગિરી અજમાવવા તૈયાર થઈ જાય એવી સ્થિતિ સર્જાઈ શકે છે.

અંજલિ ભાટી માટે આ કેસ માત્ર ગુનેગારને પકડવાની ડ્યુટી નહીં, પરંતુ દરેક કડી જોડીને સત્ય સુધી પહોંચવાનો મોટો પડકાર બની શકે છે. ગુમ થયેલી બાળકીને લઈને ઘણા બધા સવાલો સ્ટોરીને વધુ રોમાંચક બનાવશે. જોકે, તપાસ આગળ વધતા કોણ શંકાના ઘેરામાં આવશે એ જાણવા માટે અંત સુધી રાહ જોવી પડશે. કારણ કે ક્રાઈમ થ્રિલરમાં મોટો ટ્વિસ્ટ ઘણી વાર ત્યાં છુપાયેલો હોય છે, જ્યાં ઓડિયન્સોનું ધ્યાન જતું નથી!

અપકમિંગ

'દહાડ'ને બીજી ક્રાઈમ સિરીઝથી અલગ બનાવતી તેની ખાસિયત એ છે કે અહીં ગુનેગારની શોધની સાથે સમાજની હકીકતો જેવી કે મહિલાઓની સ્થિતિ, પિતૃસત્તા, જાતિભેદ અને સત્તાના દુરુપયોગ જેવા મુદ્દાઓ સ્ટોરીને માત્ર મનોરંજન પૂરતી સીમિત રહેવા દેતા નથી. ક્રાઈમ પાછળની માનસિકતા અને સામાજિક પરિસ્થિતિને સમજવાનો મોકો પણ મળે છે. એટલે સવાલ માત્ર ગુનો કોણે કર્યો એટલો જ નથી રહેતો, પરંતુ સમાજના પૂર્વગ્રહો ન્યાય મેળવવાના રસ્તામાં કેવી રીતે અડચણ બની શકે છે તે પણ મહત્ત્વનું બને છે.



તપાસ આગળ વધતા કોણ શંકાના ઘેરામાં આવશે એ જાણવા માટે અંત સુધી રાહ જોવી પડશે

હવે બીજી સીઝનમાં આ મુદ્દાઓને કઈ રીતે વણી લેવામાં આવશે તે જોવું રસપ્રદ રહેશે. શું અંજલિ ભાટીને ગુનેગાર સુધી પહોંચવાની સાથે સામાજિક માન્યતાઓ સામે પણ લડવું પડશે? આ અંગે હજી વધુ વિગતો સામે આવી નથી, પરંતુ પહેલી સીઝનની ગંભીર રજૂઆતને ધ્યાનમાં રાખતાં બીજી સીઝન પાસેથી પણ મનોરંજનની સાથે વિચારવા મજબૂર કરે એવી સ્ટોરીની અપેક્ષા રાખી શકાય છે.

સિરીઝના શૂટિંગ અંગે 2026માં રાજસ્થાન અને ત્યાર બાદ મુંબઈના શેડ્યૂલના અહેવાલો સામે આવ્યા હતા. સોનાક્ષી સિંહા અને ગુલશન દેવૈયા ઉપરાંત વિનીત કુમાર સિંહ, સિકંદર ખેર અને આયશા અહેમદ સહિતના કલાકારો પણ આ સિરીઝમાં જોવા મળશે. રીમા કાગતી અને રૂચિકા ઓબેરોય ડિરેક્ટરની જવાબદારી સંભાળી રહ્યાં છે. જોકે, દરેક કલાકારનું ચોક્કસ કેરેક્ટર શું હશે તેની સંપૂર્ણ વિગતો હજી જાહેર કરવામાં આવી નથી.

'દહાડ 2' Amazon Prime Video પર સ્ટ્રીમ થવાની છે. માર્ચ 2026માં પ્લેટફોર્મ દ્વારા જાહેર કરાયેલી નવી સિરીઝની યાદીમાં પણ તેનો સમાવેશ થયો હતો. જોકે, તેની ચોક્કસ રિલીઝ ડેટ અને એપિસોડની સંખ્યા અંગે પણ હજુ કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

તો સવાલ એ છે કે અંજલિ ભાટી આ વખતે ગુનેગાર સુધી પહોંચશે કેવી રીતે? શું દરેક નવી કડી રહસ્યનો પડદો હટાવશે કે તપાસને વધુ ગૂંચવી નાખશે? સોનાક્ષીની પોલીસગિરી, રહસ્યમય કેરેક્ટરો અને એક પછી એક આવતા ટ્વિસ્ટ 'દહાડ 2'ને ક્રાઈમ થ્રિલરના શોખીનો માટે રસપ્રદ બનાવી શકે છે. હવે રિલીઝની તારીખ જાહેર થાય અને સસ્પેન્સનો આ નવો ખેલ શરૂ થાય એની રાહ જોવાની છે!